સંગીત ઉત્તેજક નાટક મંડળી.

કામસેના-લીલાવતી

ના

ખેલમાં આવેલાં ગાયનો.

મુંબઈ.

ગુજરાતી પ્રીંટીંગ પ્રેસ.

સંવત ૧૯૪૮-સને ૧૮૯૨.

કીમત ૨ આના.

પાત્રો.

સદાફુલ ... ... કૌશામ્બી નગરીનો નગર શેઠ.
સોજલદે ... ... તેની સ્ત્રી.
સુમતીવિલાસ ... ... તેનો છોકરો.
લાલબા ... ... તેની છોકરી.
સોમદત્ત ... ... સારંગપુરનો નગર શેઠ.
સુભગા ... ... તેની સ્ત્રી.
લીલાવતી... ... ... તેની છોકરી, સુમતીવિલાસની વહુ.
સુગુણમંજરી ... ... લીલાવતીની સખી.
કામસેના ... ... કૌશામ્બી નગરીની ગણીકા.
કપટકળા ... ... તેની સખી.
સ્વાર્થદત્ત ... સુમતીવિલાસનો વિશ્વાસઘાતી મિત્ર. પછીથી લુટારો.
કનકસેન ... ... કૌશામ્બી નગરીનો રાજા.
દરબારીઓ—પ્રધાન, સેનાપતી, વારાંગનાઓ, પ્રતીહાર, વિદુષક,
નોકર, જાનડીઓ વીગેરે.

પ્રસ્તાવના.

આ સંસારી નાટકની રચના અમે જુદા જુદા ગ્રંથોપરથી કરી છે, પ્રાચીન ગ્રંથોનાં તાત્પર્ય ઉત્તમ હોય છે તેમ પ્રસિદ્ધ પણ હોય છે એટલે ઉભય વાતે અનુકૂળ પડે છે. આ વસ્તુ પણ પ્રાચીન હોવાથી સાહિત્ય સંમત છે અને તે ઉપરથીજ અમે આનું ગ્રંથન કર્યું છે. સામાજીકોને બતાવતાં આ વસ્તુનાં થએલાં ગ્રંથનનું અનુકરણ કરવાની સલાહ મળી એટલુંજ નહિં પણ તેવા અનુકૂળ પ્રસંગનાં ગાયનો પણ તેનાં તેજ લેવાની સલાહ મળી. આ લિલાવતી નાટક એક ઉત્તમ નાટકની વસ્તુ છે અને તેના પ્રસંગોમાં બનેલાં કેટલાંક ગાયન પણ તેવાંજ રસપૂર્ણ છે, એટલે નવા ગ્રંથનથી જુનાને અપમાન ન આપતાં અમે આમાં તેનેજ માન આપ્યું છે.

"असमर्थो भवेत्साधु" એમ અસામર્થ્યથી કંઇ આમ કરવામાં આવ્યું નથી, પણ મિત્રવર્ગ તથા પ્રેક્ષક વર્ગનો જુના ગાયનોને માટે આગ્રહ હોવાથી જ તે ગ્રહણ કરવામાં આવ્યાં છે. આમ થવામાં વળી બાધ પણ થોડોજ છે; કારણ કે ઘણા ગ્રંથોમાં આ પ્રમાણે કરવામાં આવે છે. કવિતાનીજ માત્ર પ્રતિકૃતિ કરવામાં આવી છે એટલે આશા છે કે આમ કરવાથી પ્રેક્ષકો અને મિત્રો પ્રસંન થશેજ. કોઇના લાભ કે અલાભ તરફ દ્રષ્ટી ન રાખતાં એકની કૃતિનો નહીં પણ ઘણાની કૃતિનો અંગિકાર કરી અમે આ નાટકથી માત્ર માલાકારનાજ માનને પામીએ એ બહુ છે.

નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

પ્રવેશ–૧ લો–કૌશામ્બી નગરીનો નગર શેઠ સત્યપળ અને તેની સ્રી સેજલદેને પોતાનો પુત્ર સુમતિવિલાસ રાજ્ય દરબારમાં માન પામ્યો તેની વધાઇ આપે છે; અને પોતાના દીકરાનાં પરસપર વખાણ કરે છે; એટલામાં મોદકાનંદ નામનો રસોઈઓ પ્રવેશ કરીને જમવાનું કહે છે અને લાડુનાં વખાણ કરે છે. પછી ત્રણે જણ જમવાને જાય છે.

પ્રવેશ–૨ જો–સુમતિવિલાસ અને તેનો વિશ્વાસઘાતી અને સ્વાર્થિમિત્ર સ્વાર્થદત્ત આહાર કરવા જવાને તૈયાર છે એટલામાં સ્વાર્થદત્ત લુગડાંની માગણી કરે છે. તે માગણી પુરી થતાં ફરવા જાય છે.

પ્રવેશ–૩ જો–કામસેના નામની ગણિકા સુમતિવિલાસ ઉપર મોહિત થઇ પડી છે તે વિષે પોતાની સખી કપટકળાને બોલાવવાનું કહે છે; એટલામાં સુમતીવિલાસ અને તેનો મિત્ર સ્વાર્થદત્ત આવે છે તેને જોઇ તેની સખી બોલાવવા જાય છે. સુમતિવિલાસ સ્વાર્થદત્તથી છુટો પડી ગણિકાની મેડીએ જાય છે.

પ્રવેશ–૪ થો–રસ્તામાં સ્વાર્થદત્ત પોતાનું સ્વાર્થીપણું બતાવે છે, એટલામાં મોદકાનંદ ને જોઇતો સુમતિવિલાસ ક્યાં ગયા તે પુછે છે તેનો જવાબ ન દેતાં સ્વાર્થદત્ત છટકી જાય છે.

પ્રવેશ–૫ મો–કામસેના અને સુમતિવિલાસ અરસપરસ પ્યારના વિષે વાત કરી રહ્યા બાદ, સુમતિવિલાસ પોતાને ઘેર જવાને રજા માગે છે, ઘણી આનાકાની થયા પછી કામસેના રજા આપેછે.

પ્રવેશ–૬ ઠો–સુમતિવિલાસ પોતાના ઘરમાંથી કામસેનાને વાહલો થવા માટે છાનાગાના કેટલાક દાગીના લઇ નાસે છે કે તરત જોઇતો આવી અટકાવે છે તેનું કહ્યું નહીં માનતાં તેને લાત મારી સુમતિવિલાસ બહાર ચાલ્યો જાય છે. સદાફળ અને સેજલદે તેના વિષે કલ્પાંત કરે છે. સદાફળ સેજલદેને સમજાવીને જાય છે.

પ્રવેશ–૭ મો–કામસેના સુમતિવિલાસને આવતો જોઈ પોતાની સખીને કહે છે. સુમતિવિલાસ ચોરી કરીને જે દાગીના લાવ્યો છે તે આપે છે ને પરસપર પ્યાર કરે છે, વળી ઘર જવાની રજા માગે છે કામસેના અને સુમતિવિલાસ વચે બહુ પ્યાર વધવાથી તે રજા આપતી નથી છતાં ધકો મારી ચાલ્યો જાયછે.

પ્રવેશ–૮ મો–સદાફળ ને સેજલદે પોતાનો દીકરો નઠારો નીકળ્યો તે અરસપરસ બહુ કલ્પાંત કરે છે, એટલામાં સુમતિવિલાસ આવે છે બને જણ એને સમજાવે છે તે નહિ સમજતાં કેટલુક ધન લેવાનું કહી પોતાની માતાને ધકો મારી ચાલ્યો જાય છે, સદાફળ સેજલદેને સાવધ કરી રાજા પાસે ફરીયાદ કરવા જાય છે.

પ્રવેશ-૯ મો-રાજ્ય દરબારમાં રાજા કનકસેન કચેરી ભરી બેઠે છે અને નાચરંગ થઇ રહ્યા પછી સદાફળ પ્રવેશ કરી ફરિયાદ કરે છે; ઇનસાફ થતાં રાજા પોતેજ ગણિકાને ત્યાં જવાનો વિચાર કરે છે. ગણિકા નિર્દોષ છે અને સદાફળનો છોકરો ખરાબ ચાલનો નિકળવાથી રાજાના દીલને ખેદ થાય છે, અને સુમતિવિલાસને ગણિકાને ત્યાંથી લાવવાને માટે જાય છે.

અંક ૨ જો.

પ્રવેશ-૧ લો-સુમતિવિલાસનો જન્મ દીવસ હોવાથી કામસેના પોતાની બીજી સખીઓને બોલાવી નાચરંગ કરાવે છે, એટલામાં રાજા પ્રધાન નગરશેઠ અને પ્રતિહાર આવે છે. કામસેના સુમતિવીલાસને રજા આપતી નથી પણ રાજાની આજ્ઞાને અનુસરી પાંચ દીવસની પરણવા જવાની કબુલાત કરી રજા આપે છે અને રાજા જાય છે.

,, ૨ જો-જાનમાં જાનડીઓ ગાતી ગાતી ચાલી જાય છે.

,, ૩ જો-જાન સારંગપુરના નગર શેઠ સોમદત્તને ઘેર આવી પહોંચી અને તેની દીકરી લિલાવતી સાથે સુમતિ પરણ્યો. જોઇતો અને મોદકાનંદ પોતપોતામાં ગમત કરે છે.

,, ૪ થો-બાગમાં લિલાવતી અને તેની સખી ગુણમંજરી બેઠેલાં છે એટલામાં સુમતીવિલાસની બેન લાલબા પ્રવેશ કરે છે. ત્રણેજણાં ખુશાલીના દિવસમાં કેટલીક સાહેલીઓને બોલાવી ગરબો ગાય છે ને થઈ રહ્યા પછી સર્વે સખીઓ જાય છે. લિલાવતીનો છેડો સુમતિવિલાસ પકડે છે એટલે સોમદત્તની સ્ત્રી સુભગા આવવાથી બંને છુટાં પડે છે. સુમતીવિલાસ ક્રોધ કરી ચાલ્યો જાય છે.

,, ૫ મો-સુમતિવિલાસ પરણીને કૌશાંબિ નગરીમાં આવે છે રસ્તામાં કામસેના ગણિકા મોતીએ વધાવે છે.

,, ૬ ઠો-લિલાવતી અને સુમતિવિલાસનો શયનગૃહમાં વિગ્રહ થાય છે. સુમતિવિલાસ તેને ઉંઘતી તજી વેશ્યાને ત્યાં ચાલ્યો જાય છે. પાછળથી લિલાવતી જાગૃત થઇ કલ્પાંત કરી મુર્છાગત

થાય છે કે તરત તેની નણુંદ લાલબા આવી તેને ધિરજ આપે છે.

,, ૭ મો—કામસેના પોતાની સખી સાથે સુમતિવિલાસ નહિ આવ્યો તેથી કલ્પાંત કરે છે. કપટકળા તેને લાવી આપે છે અને આનંદ થઈ રહે છે.

,, ૮ મો—લિલાવતી સુગુણમંજરી આગળ પોતાના દુઃખનું વૃત્તાંત કહે છે. માતાપિતાને સખી એ સર્વે તેને ધિરજ આપે છે એટલામાં ચાકર સદાફળ શેઠ આવ્યાની ખબર કહે છે. સદાફળને ઠપકો મળે છે. લિલાવતીને સદાફળે શિખામણ દિધી તે તેના મનમાં ઉતરતાં સાસરે જવાની ઈચ્છા થઈ અને પોતાના ધણીને ગણિકા ભવન તજાવવાનું પણ લીધું, અને માબાપની રજા લઈ સાસરે ગઈ.

,, ૯ મો—સેજલદે સાથે લાલબા પોતાની ભાબી કયારે આવશે તેની વાતો કરે છે અને મોદકાનંદને રસોઈ કરવાનો હુકમ કરે છે. સદાફળને લિલાવતી પ્રવેશ કરે છે. સાસુને લિ[illegible] છે તે પોતાના સ્વામીને વેશ્યાનું ઘર તજાવવાને માટે સાધનો માગે છે તે મળવાથી પોતાની નણુંદ લાલબાને કામસેનાનું ઘર બતાવવાને બંને જણીઓ મર્દને વેશે જાય છે.

,, ૧૦ મો—સ્વાર્થદત્તો લૂટફાટ કરી પૈસો મેળવ્યો હતો તેની પ્રશંસા કરે છે તેણે દિપચંદ નામના ધનાઢ્ય શાહુકારની પેઢી ફાડી તે વિશે વાત કરી પોતાના માણસોને મળવા જાય છે. શહેરમાં બહુ લૂટફાટ ચાલી રહી છે તેની શોધને માટે સેનાપતિ વિચાર કરે છે એટલામાં દીપચંદશેઠ ફરિયાદ કરવા આવે છે તે સાંભળતાં લૂટારાને પકડવા માટે પણ લેઇને જાય છે.

,, ૧૧ મો—કામસેના અને સુમતિવિલાસ અટારી ઉપર બેઠાં છે તેઓની ઓળખાણ આપવા માટે લાલબા પોતાની ભાબીને લેઈ આવે છે. લિલાવતી તેના રૂપ વિશે ચકિત થઈ વર્ણવે છે અને મૈયારીનો વેશ લેવા જાય છે. સુમતિવિલાસ હવાખાવાને માટે ફરવા જાય છે.

અંક ૩ જો.

,, ૧ લો-સુમતિવિલાસને રસ્તામાં લિલાવતી મૈયારીના વેશે મળે છે તેને જોઈ સુમતિવિલાસનું મોહીત થવું ને મૈયારીને કામસેનાના ઘર આગળ બોલાવવાનું કહે છે.

,, ૨ જો-કામસેનાને સુમતિવિલાસ મળે છે એટલામાં લિલાવતી આવે છે. સુમતિ તેનો છેડો પકડી મહીનુ મુલ પૂછે છે લિલાવતી તેને ભોળવવા માટે યુક્તિ કરે છે તેથી તે લપટાઈ પરસ્પર પ્યાર વધારતાં ભેટી પડે છે એટલામાં કામસેના ક્રોધાવેશમાં આવી વિગ્રહ કરે છે. સુમતિ મૈયારીને હાર દાગીના આપે છે.

,, ૩ જો-લાલબા તેની માને લિલાવતી સુમતિને કયારે લેઇ આવશે તે વિશે વાતો કરે છે. પછી સદાફળ આવી કેટલીક વાર પછી સર્વ જાય છે.

,, ૪ થો-સુમતિવિલાસ લિલાવતીમાં લીન થએલો જોઇ કામસેનાને ક્રોધ ચઢે છે તેને કપટકળા શાન્ત કરે છે. લિલાવતી આવે છે ત્યારે પાછો વિગ્રહ થાય છે. આખરે કામસેના તેઓને કાઢી મુકે છે પછી બંને જતાં રહે છે.

,, ૫ મો-લિલાવતીએ જંગલમાં ઝુંપડી રાખેલી છે તેમાં સુમતિને લેઇ જાય છે.

,, ૬ ઠો-બંનેમાં પરસ્પર પ્યાર થતાં લિલાવતી જાહેર પડી બંને જણાં પોતાના ગામમાં ઘેર આગળ જાય છે.

,, ૭ મો-સદાફળ સેજલદે લાલબા મોદકાનંદ જોઇતો વિગેરેને લિલાવતી સુમતિને લેઇ આવે છે તે સમાચાર મળે છે ત્યાર પછી બંને આવે છે. લિલાવતીના માબાપને ખબર મળતાં તેઓ આવી પછી રાજ્ય દરબાર ખબર મળતાં રાજા કનકોજ ધન્યવાદ દેવાને પધારે છે. ગણીકા કામસેના સખી સાથે આવે છે. તેના મનમાં વૈરાગ્ય ઉત્પન થાય છે. સ્વાર્થદત્ત લુટારાના વેશમાં પકડાવાથી તેને લેઇ કેદ પકડી ન્યાય થવા રાજા કને લેઇ આવે છે. સુમતિએ તેને છોડવા વિશે રાજાને કહેવાથી રાજા છોડી દે છે, સુમતિ પોતાના કરેલાં બદકર્મો વિશે માફી માગે છે સ્વાર્થદત્ત પણ પશ્ચાતાપ કરે છે છેવટે બધા મળી લિલાવતિને ધન્યવાદ આપે છે.

જયજય

કામસેના—લીલાવતી.

નાટક ત્રણ અંકી.

૧

નમીએ નિત નરહરી દૃઢ કરી મન;
રમીએ નિત ચિત ધરી દૃઢ કરી મન—નમીએ.
તાલ તુમક તા થોગ થોગ તીતી તથા દિગ દિગ;
તાનન તદીયનરે તનનનનનનન તદીં મનરે
ધેતર કટતા તરકટ ધિધિકટ ધાતર કટતા તિરકટ ધુમકટ;
થોગ તત થોગ તત તત થૈયા તત થૈયા તત
ધાગિંધા ધાગિંધા કિટકીટ ધાકિટકીટ તાકિટતક કિટ તક
ચટપટલે; ચટપટ લે ગટપટ ચતુર ચનનન મનને મારી તારા તનને તનન.
જનમનરંજન પ્રભુભયભંજન ગંજન દારિદ્ર દુખ સુખને સરજાવનાર;
નિજ હિત પ્રીતે નિત ગિત નાટક અનુકૂળ દિનનો હમેશ પતિ.
વિનનો વેપાર દાતા માતા સુખદાતા મુકોને વિસરજન
ગનની માલિકર જનગન નન તનને નારા સુખકર નાર સનનન.
જન તું જાણુ જગદિશ્વર જનનન;
ધર્મધાર ધરનાર તું ધનનન.
છનન છનન છીમ્છી છુમ છનનનનન;
કરકરકરકરકરકરકરકરકર કર તું સ્મરણ મન—નમીએ.

૨

સુણ સજ્જન સંધ્યા સમય સેલને સારૂં;
ફરવા ચાલો ફાકડા થયું મન મારૂં.
ઘોડા ગાડાની રોજ મોજ માણું છું;
પણ જવું ચાલીને આજ લાલ ધારૂં છું.

૩

મદન પડયો કેડેરે હો ઘણા ગભરાઇરે—મદન.
મન હસ્તિ મસ્તિમાં આવ્યો, માવત અંકુશ કયાંઇરે.

ક્ષણ વિચિત્રતા વિણ વિજળી હું તુંજ મન માંડી ગયાઈરે;
જો સ્વપ્ને સંજોગ બને તો ચોહું પ્રેમની માંહિરે.
પણ પતિવિણ નિંદ્રા નહિં આવે કાળજામાં થાય કાંઇ કાંઇરે;

૪

બળાપો ન કર બાળારે, જો વિચારી કાંઇરે—બળાપો.
અઘટિત ગણિકાને કરવું આ આપણી એમાં કમાઇરે;
જોબનપુર વિશે જાવાની સ્વારથ સમજ તણાઇરે.

૫

લાવ્ય સખી એને મન લલચાણું, એથી અધિક બીજો જગમાં ન જાણું.
મદન સમાન રસિક મનમોહન કેમ કરી ઘાયલ મન ગભરાણું;
હેમ પલંગ હુતાશન સરિખો બાળે શરીર મખમલનું બિછાણું.
કર સુખદાયક શયન સામગ્રિ મનગમતાથી મદન સુખમાણું;

૬

જો સખી ઝરૂખે પેલા આવ્યા પ્રાણનાથ;
સમજાવીને લાવ બેની ઝાલી તેનો હાથ.
ચિત હરણ ચતુર વિના પડતું નથી ચેન;
આઢી અવળી વાત અળગી મુકય મારી બેન.

૭

આ બોલાવી લાવું બાઈ આપની હજુર;
એ પ્રપંચ પાશ સર્વે જાણીએ જરૂર.
ઘર વેચાવ્યાં કઇક તણા પાડી વિપય વિખ;
ભલભલાને ભોળવી મંગાવી મેં તો ભિખ.

૮

ઉપર અલબેલા આવો, સુંદર શા સારૂ તરસાવો,
બાઈ અમારી આપ વિયોગી સુરત ક્રિડા કરીએ સંજોગી;
અંબરામૃત આરોગી બાગનો ભોગી લ્યો લાવો.

૯

પ્રેમ વચન શરથી મન વિંધી, સ્નેહ સાંકળી પ્રબળ જડી રે,
આ ગણિકા મગ મન મૃગ મેં, બનાવ્યું દે નહિં ગોમ પડી રે,
કાંઇ ન સુઝે સજજન શું કરવું આપ સલાહ કાંઇ ઘાટ ઘડી રે.

૧૦

નાના મારે એની સાથમાં જાવું, એને મુકી ઘર એકલો આવું;
સ્વારથિઓ ગયો સારૂં લગાડી. ઇર્ષા થયે કરે વાત ઉઘાડી;

૧૦

જાઓ શીઘ્ર શ્રી સ્નેહ જણાવી, બ્હાવરી બાઇ અમારી બનાવી;
મદન અરિથકી આપ મુકાવી, બિરૂદ સફળ કરો જીવ બચાવી;
રસિક કુવર રંગ મ્હેલમાં આવી, શાન્તિ આપો સુંદરી સમજાવી.

૧૧

પધારો ને પ્રિતમજી પલંગે રે;
રંગ રસ રમીએ રાજ આજ—પ્રિતમજી.
તુમ દર્શન દીઠેથી દિલબર, ઉછ્યું થયું છે આ તન સુંદર;
રોમ રાઇ મમ થયાં વિકશ્વર, આવો મળીએ ઉમંગે રે—૫૦
પ્રાણ જીવન મમ પ્રાણથી પ્યારા, નિમિષ્ય ન મુકુ નાથજી ન્યારા;
કામ અનળ શીતળ કરનારા આલિંગો અંગે રે—પધારો.

૧૨

સ્વાર્થદત્ત સ્વાર્થ તું તો સાધવામાં ઠીક છે;
મિત્ર થઇ તું મિત્રને બગાડવામાં ઠીક છે.
ઉભો રહે હરામખોર બોલ શેઠ કયાં ગયા;
ફોસલાવી ગર્થ ગાંઠે ગાંઠવામાં ઠીક છે.
શેઠને બગાડનાર આ ગમાર માર માર;
આમ છેક શું વિવેક મુકવામાં ઠીક છે.
પરની શી પડી તમારે ન્હાના ઉઠવું નથી;
લ્યો હવે જવા દો મારૂં માનવામાં ઠીક છે.

૧૩

પ્રિયા મારીરે પ્રાણ થકી તું છે પ્યારી;
સુંદર વદન સરોવર અંદર નયન કમળ છબી ન્યારી.—પ્રિ.
નિરૂપમ નારી તને નિર્માવિ ઉરવશિ ગર્વ ઉતારી;—પ્રિ.
રાજ રહીશ તુજ સમીપ રસિલી સજ્જન સંબંધ વિસારી.

૧૪

નાથ નવ કરો વાત ઘર જવા તણીરે વિરહ્લાય
શું વેઠાય નહિ જવાય લાગુ પાય.હસી છું સદાનિરે.
ફિકર પરહરો મારૂં વચન માનીરે;
જાતું ધામ લેઇ દામ કરીને કામ.
આતું આમ શું પછી કહેવાનીરે;
પ્રેમનો ઝરો તક મળી પીવાનીરે.
આપ સંગ રમવા રંગ આ પ્રસંગ છે ઉમંગ,

જાય છે જુવાનીરે ધીરજ મન ધ્રુસે તજી દઇ હિવાનીરે.
મોહબાણુ પકડી પાણુ વિનયવાણિ લાવે તાણિ;
વખત પહોડવાનીરે.

૧૫.

ભાઈ પટારો કેમ ઉઘાડયો જોઉં કુંચી બેસારી કેઇ;
સાહેબ બાપા બ્હાર ગયા છે શું ગુજામાં ઘાલ્યું લેઈ.
ચબાવલા તું ચડી ગયો છે પરની તારે શી પંચાત;
બસ બસ તારે નહિં બોલવું હમણાં પાછળ પડશે લાત.
બધુ ઘરેણું ક્યાં લેઇ ચાલ્યા આમ કરી તસ્કરનું કામ;
પડશે માથે અરે હમારે પાછુ મુકો તમે તમામ.
નીચ જાત ચાકરની તારી આખર જોડા ઉચકનાર;
આવ રાંડના હવે અડાવા બંદા તો આ ચાલ્યા બ્હાર.

૧૬

પ્રજળે મારૂં મન પ્યારી નીરખી સુત ચાલ નઠારી;
મેં વાત પ્રથમ નહિં માની, પણુ છેલ્લાઇ નવ રહી છાની,
થઇ ખરી ખાતરી મારી;-નીરખી.
વ્હાલી તેં અધિક વખાણ્યો અંદેશો અલ્પ નવ આણ્યો,
પણુ સોબત મળી ન સારી;-નીરખી.
ઉઘાડી પુત્ર પટારો ટંકાવળી હાર તમારો,
કર્યો હર્ણ રહ્યો હું હારી;-નીરખી.
શી રીતે હું સમજાવું રે ઘડપણુમાં ગભરાવું.
એને ગણિકાથી યારી.-નીરખી.

૧૭

વાલમ આવે રે અલી જોને આ આનંદ કંદ.
નંદનંદ મંદમંદ હસી હસાવેરે;
ચંદ્રવદન મદનમોહન નયનનીજ નચાવે.
ચતુરચીત ચલાવે ઈસ્ક ઔષધી લગાવે;
તાપ સઉ સમાવે ભેટું ભાવે રે.

૧૮

પ્યારી સુણુ તું જીવન મારી.
લે આ હાર અમુલખ આપું કોકિલકંઠે ધારી;
કદળી જંગે કોમળ મૃગને પા પ્રિતિરસ વારી.

૧૯

પ્યારા છો મનમોહન મારા;
પિરી પ્રિતમ વદન બાગમાં છે અધરામૃત ક્યારા.
જાવઆવ ત્યાં ચતુર નથી ડર મારગ સકળ સુધાર્યા;
મમવૃત્તિ હરણિથી હરણે સધ મનોરથ સાર્યા.

૨૦

ખરે પ્રાણ પ્યારા તજીને મને હજી શું જવું છે પિતાજી કને.
સમજતી નથી તું જરા સુંદરી અરે આંખ આંસુ થકી આ ભરી;
છબીલા પતિ છોડનારી નથી જુદી ના પાડે માછલી નીરથી.
ઘડી એક ઘરમાં નથી ગોઠતું નથી ચિત્ત વેપારમાં ચોંટતું;
જરાવાર જઈ હાલ આવું અહિં અધિરિ ન થા સત્ય બેલું સહિ.

૨૧

શાને રડે છે તું સુંદરી સમજી શાસ્ત્રનો સાર;
અમને શિખામણ આપતાં આ શી આંસુની ધાર.
સંસારમાં સુખ સુંદરી છૂટાં મુકતાં છેક;
પસ્તાવું પડશે પાછળ થકી વંઠી જાતાં વિશેષ
નિંદાય છે નાત જાતમાં લુચ્ચો કહે એન લોક;
હલકો પડયો સગાંવહાલામાં વિવાહ કરશે સૌ ફોક.

૨૨

અરજ કરી રાજાને તજાવશું નેશ્યાનું ઘર તેને;
ઉપાય છેલ્લો એ છે મારા સમ છે તું રડતી રેને.

૨૩

ચતરંગનો આવ્યો રમ રંગતથી;
સો [illegible] તાર કમાગ તાગ ઇટ નગવાદી આદિ,
વાદિ નિનાદિ કરી ખ્યાલ તાલ સૂર સંગતથી;
દરદરદર તાનાના દરદર તાનાના ના નન નાદર
[illegible]
[illegible] ઉપંગ.
રેરે ગમ પપ સા પધ પમ ગરે સા ધિનરકિટ તકનકતર.
કિટતક ધિત્તા ધિત્તા કિડિના નકતર કિટતક;
ધાતર કિટતક ધાકડાગ તકધા.

૨૪

સુણો શેઠ એ વાત [illegible]રે મેં [illegible]તારી;
તમે પણ જુવોને વિવેક વિચારી.
કહો કોણ શીર રહે ન્યાય ઢોર [illegible]રાણું ખેતર ખાય;
ને ખેડુતને કહેવાય તો અન્યાય ન્યાય ગણાય.
ફીરતી જાય;
જણાય જગતમાં અતિ અપકારી યકી.
હાણી જોતા પીડી એઉ છે ભારી—તમે;
કોઇ ઘર મિલ્કતને ઘોડી તેનું દામ ન લેતા કોડી.
માયા મમતા જરથી થોડી તનને તાંબળ માટી ચોળી;
મનને મોડી ઘરથી દોડી સમજણ ખરે જાણુતા થોડી.
વહો જાય રાય તરફથી શુ થાય;
કહો શું કહેવાય વગર વાંકે ડારી.

૨૫

સાંભળો સરકાર મારી નાર તો ન માને મને મારી સાથે;
વારવારે કરે વટવટ.
પટપટારો હટહટારો કટકટારો કરતી ફરતી ડરતી;
ન ડરાવી કરે બોલી ખટખટ
ઉંઘતી અધાદ સાદ પાડીએ ન બોલાવી બોલે ઉઠે;
તો એ ટાણે ચણયા ચાવે ચટચટ.
ના પડું તો આડુ બોલી પાડે કાં પછાડે પછી પાછે એ,
વળીને પીએ પાણી ગટગટ.
વળી એ વઢે લોકોથી લડે કોકનો કકાસ આવી;
જો કદી જડે તો તેની સંગાત આવે બાથોબાથ.
પછી એના નાથને કરે ઉધે ધરે;
આછી રીતે ડારે પછી મારે ન ઉતારે નીચે હિંચકો
હલાવિને મલાવે સટસટ ત્યાર હું તે વારે,
બોલી બોલું છટછટ.

૨૬

નેક નાદાં ન [illegible] [illegible] [illegible],
કાહે કરું જાગે નિત [illegible] તાકે [illegible]રના [illegible]
બિનતિ કરી હું કરતકર હારી હું કર જોરી;
પ્રાન પીયા સુલઝાએ સોતન સંગ બસ બેરન,
બાલમ લાજ છોરી;

૨૭

નંદકે કનાઈ કરત લરાઇ નિત મોસેં આનરિ;
સુનહેરી આલી પનિયાં નિત જાઉં જમુના ઉપેરા.
નિપટ નિડર આનહિ કરત રાર;–નંદ.
ઘરસેં નિકસ સુનત આનહેરિ એકહુ.
નમાને બિનતિ પીયા પ્રાનરિ;

૨૮

સુણો સચિવજી ચતુરસુજાણ;
છબીલો છોડ નારી નથી રે.
પૃથ્વીનાથ માગે તો આપું હું પ્રાણ;–છબીલો.
પ્રેમ ગાંઠ બાંધી છે કરી પ્રયાસ,-તમે તોડાવો છો શું બતાવી ત્રાસ;
મન ગમતાથી મોજ ન મુકાય, જીવ જતાં સુધી જુદુ ન પડાય;
તમે શિપારસ કરી હશે શેઠ, વેશ્યા પાસે લેવા આવ્યા હશો વેઠ.
રાજા કોપે તો કાપી લે ભલે શિર; ચાયતો શૂળીએ ચઢાવે શરીર.
નહિ નહિ આવે આપને આવાસ; મુકિદ્યોને મૃગ તૃષ્ણા જેવી આશ.–છ.

૨૯

લિલાવતીએ લખી મોકલ્યોરે કાગળ પ્રીતમ પાસ;
ચાતુર આતૂર ચિત થયુંરે વરવા સદગુણિ સુમતિવિલાસ.
વ્હાલા વેલા આવજો.
નથી થયુંરે પોગળ શું પ્રકાસ, લાલા ચાલો લગનમાં;
ભોજન પટીની આપણે આશ,
ટંકે સાત લાડુનો સમાસ.
શરદ પૂનમની પદમણીરે ઝાંખી જેને પ્રમચની જેમ.
દિનકર કર પિડન ચહેરે ઇચ્છું અંતર આપણી એમ;
નથી જાણતી કે ગણિકાથી પ્રેમ,
ક્ષુધા અગ્નિ થશે ટાઢો હેમ.
પરણીને સર્વ પ્રકારનારે પૂરણ કરશું કોડ;
રામ સિતા સરખી થશેરે જાણે રતિ રતિપતિ સમજોડ.
પણ મોટી ખોટી એક ખોડ
મુકી દે ને બધી માથા ફોડ;
જોઇતા જમજો જલેબી સજોડ જઇએ ઝટ જાનમાં.

૩૦

અમે તો જાનમાં આવ્યા,
સારંગપુર શહેરમાં ફરીએં;
લાલ સાહેબની જાનમાં આવ્યા.
પંઠની પાઘડી રેશમી ધોતીયું શેઠની ઓઢીએ શાલ;
ભભકો લાડુ ભટનો ભાળો વાંકડા મુછના વાળ.

૩૧

સૈયર સુખકર સંસાર શિયળ ભુષણુ સજીએ;
એ વિણુ નિગુણુ નર નાર તન મનથી તજીએ.
પરનર નારી દેહ દિપકપર પડી પતંગ સમાનરે;
સુજશ શરિર સળગાવિ મુકે કંઇક નષ્ટ નાદાન.
વેર વિરોધ વધે વ્યભિચારે નિશ્ચે ધનનો નાશરે;
સદ્ગુણ સાગર શિયળવંતના દેવ સરિખા દાસ.

૩૨

સુભગા વેવાણુ આવ્યા લાલ બોલ કયાં ગઇ ભભુતારી;
મુકો પાલવ મારો મને જવા ઘો મા આવ્યાં મારી.

૩૩

પરણી નવશા કેશરભીએ પધારિયા;
વાજાં વાગે જોવાને રઢ લાગે સાહેલડી.
લાડી લાખેણી લાવ્યો લાડણો;
ધન્ય ધન્ય સદ્ગુણ શેઠને જાન જોડી.
નાંખ્યાં છે નાણાં તોડી;—સાહેલડી.
રથમાં વર વહુને ચમર વિંઝાય છે દીસે.
શોભા શેઠસહેના જોયા—સાહેલડી.
જગ લાડી વર વહુની જોડી જોઇને બેઠી ગોખે.
ઊંડા નીસાસા નાખે—સાહેલડી.
મોટું ગાજન મદજનમાં મળ્યું આવી રાજ્ય કચેરી નૃપ પ્રેરી.

૩૪

મારા બાપે વેંગ આ વગગાડયું શો વિચાર કરી;
ઊંધા ગઇ રાંડ હવે કરવું શું અહિં વાર કરી.
મારી છીન જાનનો મુગટ નગર જરૂર જાવા જશે;
હું તો મરે આ આશો રડતી છો પોકાર કરી.

૩૫

પ્રાણપતિ પ્રાણપતિ પ્રાણપતિ રે
અહિં નથી અહિં નથી અહીં નથી રે.

૩૬

અરે અહિ એકલી મુકીને મને આમ;
અચાનક ઉઠી કંથ કયાં ગયા તમે.
પેલા સમગમે સ્વામિ આ તે શું કર્યું;
સાંભળેલું મેં જે હતું તે સાચું ઠર્યું.
વ્યભિચારી વરતણા પાલવે પડી;
જશે જનમારો મારો રે રડી રડી.
આ હિરા મોતીના હાર હવે ના ગમે;
ઉમદા દુકુલ મારી દેહને દમે.

૩૭

મારા પતિ પરવશે હવે શું કરૂં;
જીવ તજી તો તો આત્મ ઘાતિક ઠરૂં.
કંથનો વિયોગ થયો કર્મેકરિ;
ફુલની ચાદર જરી ફાવતિ જરિ.
સંકટ સહન કરે સુકુળ વધુ;
જ્ઞાનીએ દીઠેલું હશે તે બન્યું બધું.
પિઆણું તેડાવી ઝટ પિયર જવું;
સુઇ રહું હવે જરા શા સારૂં લહું.

૩૮

ધિરા થા અધિરી તું ન થા જરી;
[illegible] સાજનવરો નરો હરી.
[illegible] નહિ ન [illegible] નિરંજન ફરી;
તું [illegible] ન ડર [illegible] સુંદરી.
[illegible] હુર્બા આપ હો ગુણે ભરી.
[illegible]

૩૯

સખી કેમ ન આવ્યા નાથ, હજી હું તો જોગણ થાઉં શૃંગાર તજી.
નિષદિન દુશ્મન કામ સતાવે વાર કરે નહિં વાલમજી;
ઝંપાપાત કરૂં ઝરૂખેથી વધુવરા થઇ મુજને વરજી.

૪૦

આમ શું કરે છે આળી રજતો ધિરજ ધર.
વરવર ચિવરસજ તું કરતજ નિરખ વર હરખ ધર;
મિલાવ કરકર—આમ શું૦
સ્મરજ્વર હર સુખકર ધનવંતર ભરજોબન બેઠી સુંદર વર;
અધર સુધારસ પાઈ પરસ્પર કામ ક્રિડા સખી કરકર—આમ.

૪૧

ભલે આવ્યા હર્ષ ભરાણી.
અવધી ઉપર ગઇ એક ઘડી પણ મેં જુગ માફક જાણિ.
સત્યવાદિ તમે શેઠજી સાહેબ હું ગણિકા ગભરાણિ;
ધિરજ નહિ અલ્પ ધરાણિ.
માલતિ ફુલની માળ પહેરાવું જે મમ હાથ ગુંથાણિ;
ગજરા ગુલાબ તણા કર ધારું હયોને સુગંધિ સેલાણિ.
અત્તર ઉચું આપુશું આણિ;

૪૨

મોહિ રહ્યો છું મંદ હાસ્યમાં રસિલિ તારા—મોહી.
પિતાજીના આગ્રહથી પરણવા ગયો પણ અલ્પ નહિં એ સમે ઉલ્હાસમાં
શત્રુના સમાન લાગ્યાં સર્વ રાગાંબદાસાં; ગહુરનિશ તુજ વિના ઉદાશમાં—ર
તુજથી અધિક કોઇ વિશ્વ નથી વ્હાલુ પતિજા કરું છું પ્રકાશમાં;
કામનિ કહ્યું તમે કંઇક મને કાગાનુ પકડી ઝકડી પાડયો પ્રેમ પાશમાં—ર
વણજને વેપાર વ્હાલી ધર્મ; કર્મ શર્મ તજી
ગાળવિ છે વય બધિ વિલાસમાં—રસીલી.

૪૩

સખી પરભવ પાપ અગાપ કરી હું તો અવતરિ;
મને વિશ્વ વધુના પ્રતાપ પતિએ પરહરિ.
હશે ભરડયાં સજીવન ધાન્ય અણગળ પાણી વાવર્યાં;
કર્યું મુનિવરનું અપમાન ધર્મદાન ધન હર્યાં.
કાં તો પુન્યની ફોડેલ પર્વ કે જાન લુટી હશે;
નિજધર્મ તજી ધરી ગર્વ સખી મારું શું થશે.
આવાં પાતક મેં તો અપાર કર્યાં હશે પૂર્વે;
વેશ્યા સંગી મળ્યો ભરથાર અરે મને આ ભવે.

૪૪

અરે આવડી શું અકળાયરે બેની સૌ સારૂં થશે;
મારા સમજો મન મુઝાયરે-બેની.
વળશે શું વલોપાત કરેથી જપને શ્રી જગરાજ,
વિપતિ વખતે ધરિએ;ધિરજ દરિએ ધર્મ કાજરે.-બેની.
રડી રડી થઇ આંખડી રાતી કાયા ગઇ કરમાઈ, મ્લાન
દેખીને મૂખડું તરૂં મને થાય કાંઇ કાંઇરે.-બેની.

૪૫

માજી મુજ વાલમ વ્યભિચારી વ્યભિચારી ગણિકાચારી;
અહિંથી જઇ વેશ્યા ઘર વશીયા દશ દીન કાઢયા દુઃખકરિ.
વાત નથી કરી મેં વર સાથે શું ઉચરૂં આગળ તારી;

૪૬

સુણુ સાહેલી કરવું શું હવે શાથી જન્મારો જશે;
તારા શિયળ પ્રભાવથી બ્હેની સ્વામિ તુજ સારો થશે.
વ્હાલે વાંક વિના વિસારિ નળની જે દમયંતિ નારી;
પાછી તે પતિએ સ્વિકારી તેમ એ તારો થશે.

૪૭

સુકૂળ વધુ તમે સાંભળો દુખિયા સસરાની વાતજી;
જો મન ચાય તો માનજો ભાખું છું ભલી ભાતજી,
ઉંડુંરે રદયમાં આલોચજો.
ભણતાં ભણતાં ભણાય છે લખતાં ગ્રંથ લખાયજી;
મ્હેલ ઝરૂખાને માળીયાં ચણતાં ચણતાં ચણાયજી,
ઉંડુંરે રદયમાં આલોચજો.
ડગલે ડગલે ડુંગરો ચડતાં ચડતાં ચડાયજી;
સાગર સમ સરોવર વળી ટીંપે ટીંપે ભરાયજી,
ઉંડુરે રદયમાં આલોચજી.
ઉધમ કરતાં આળસ તજી દુઃખ દારિદ્ર જાયજી;
એમ ઉપાય આરંભતાં સર્વ કાર્ય સિધાયજી,
ઉંડુંરે રદયમાં આલોચજો.

૪૮

આવીરે શિખામણ આપની મારે માથે ચડાવુંજી;
માત પિતાની આજ્ઞા લેઇ આપને ઘેર આવુંજી,
સાચુંરે કહ્યું સસરાજીએ.
આજ્ઞારે આપો માત તાતજી હવે સાસરે જવુંજી;
મારીરે શત્રુ ગુણિકા થકી વડું વેર વસાવુંજી,
સાચુંરે કહ્યું સસરાજીએ.

૪૯

બધી ભાભી જો આજ આવે તો માડી શું દે;
કેની કે કૂળે કાજ આવે તો માડી શું દે,
કેની કેમ ન બોલે કેમ ન બોલે.
કેમ શું આવે ઉમંગે આજે હું તો રંગે રમીશ;
રમીશ રમીને જમીશ તે જોડે,
ઇશ્વર આ મમ પૂરશે કોડ દોડ હવે ચિત દોડ;
ડેલીં જઇ વેળી નિહાળુને ભાડું ભાભીને મળું,
ભરી બાથ, વેગે વધાવું વિશ્વપતિનાથ.
ચાલ તું મા મારી સાથ નિહાળને ભાળ કૃપાજ કરી છે;
કૃપાનિધિ ઓ આવી ઓ આવી છે.

૫૦

સસરાજી સાસુજી સુણોનેરે;
ઝીણું ત્વચાની દિર્ઘ આંચળની મહિષી મંગાવો ચાર;
ભરવાડણ થઇ વેશ્યા ભૂવન જાઈ ભોળવું મુમ ભરથાર,
નાની નણુંદ મમ નાથ બતાવે એ એમનો ઉપકાર.
મંદિર લાવું હું મનમોહન યુકિત કરીને અપાર,

૫૧

વીરા વેશ્યાના યારી ઉભા અટારી પેલા તમારા પ્રાણ;
જાઓ થાઓ મહીયારી ભાભી અમારી ઉભા અટારી—પેલા.
વીંછીનો આંકડો વેસ્યા છે વસમી જોજો ન થાય જાણ.
જાણસે તો ઝેર આણસે ઝાઝું કરશે રાંડ રોકાણ;
જુઓ જળની ઝારી હાથમાં ધારી ઉભા અટારી—પેલા.

૫૨

અવર મદન અલબેલો, આ તો દીસે અવર મદન અલબેલો
શરદ પુનમના સુધાકર સરીખો આજ નગરમાં ઉગેલો.
હું નિર્ભાગી નાથ તજી મને વેશ્યાવાસ વસેલો,
ધન્ય ગણિકા ધરણી તળ તુજને પ્રીય કર્યો મમ પરણેલો;
મહીયારી વેસે નહી જાણે મમ છળ છેલ છબીલો.

૫૩

મીઠડુ મહી વેચું મહી વેચું અમ્રત સરખું સુખકારી રે;
લ્યો કૌશામ્બી નર નારી રે.

૫૪

આ ભરવાડણી અવરણ અપાર અવરણ અપાર દીઠી;
રંભા થઈ પણ અધીક રૂપાળી કે ઉર્મીયા અવતાર.
શ્યામ સમા શિશ કેશ સુશોભિત શશિવદની સુખકાર,
ચંપક વરણી એ મૃગનયની મારી કટાક્ષ કટાર;
કેશરી સરખા લંક કટીનો ભારે નીતંબની નાર.

૫૫

અમૃત સરખું સુખકારી રે લ્યો કૌશામ્બી નર નારી રે;
મારે મહી લેવું મહી લવું આપો મટકી ઉતારી રે.
મહીયારી મોહન ગારી રે આહિરણી અહીંયા આવો રે;
મટકીનુ મુલ બતાવો રે.

૫૬

મહેતાજી રે શું મહી મુલ બતાવું, ચાખો પછી ભાવ જણાવું;
મળશે નહીં રે દહીં દુનિયામાં આવુ, સમજુ ને શું સમજાવું.
જુગતીથી રોજ જમાવું રે લ્યો લાલન શું લલચાવું રે;
આઘા ફેંડે ખુશ થાવું રે તક જાશો રે તો પડશે પરત તું.
અલબેલી રે મારે અનંગ ઉછાળા સુણી વચન મધુર મરમાળા.
નવ સમજું રે હું ભોળી નવ તર મહિપાં ક્રુઝે મમ ઘેર.
મોંઘું છે ગોરસ મારું રે વડા વાતે બને નહિ વારૂ રે;
નથી લીધું કાંઈ તમારું રે હું જણું છું રે અતિરતિપતિથી રૂપાળા,—શું
શા માટે રે વાત જવાની બોલે મમ જીવ ચડયો ચકડોળે;
અણુ ઘટતારે ઘાટ તમે ઘડશો મા આઘા રહો મને અડશો મા.

હું આવી છું અલબેલી રે તજ તું ગમતમણ ખેલી રે;
મળી મુખ મ્હો મન મેલી રે તું [illegible] રે ઘુંઘટનો પટ ખોલે.—મમ.
જીવ જાસે રે શી મહિ કીમત કરીએ દીલમાં દુર્જનથી ડરીએ;
ગજગમની રે મુજથી નજર મિલાવે નખરેથી નયન નચાવે.
કુમકુમનો ચંદ્ર કપાળે રે તલ ગોર ગુલાબી ગાલે રે;
ચમકાલે ચિતડું ચાળે રે વશ કરવા રે તશ વચને અનુસરીએ.—દીલમાં.
વ્હાલાજીરે શી મન વાત વિચારો મુજને વઢસે ધણી મારો;
મારગડોરે મુકોને મનગમતા, સુંદર રાખું છું સમતા.
ઠીક છો અળગા ઠગનારારે કરો આંખ તણા અણુસારારે;
મેં જાણ્યા વિચર તમારારે ધારો છો તે સ્વાર્થ નથી સરનારા—મુજ.

૫૭

દુબળી નારી ડાકણુ જેવી દેખી દીલમાં ડરીએ રે.
જાડી લાડી ફુલની વાડી ધાડી મન ગંભીર;
ગુણવંતી ગણિકા છે ગોરી

૫૮

હરે પુરૂષનું હીર;
ભલે લાલ તમાચો મારી મુખડું લાલ રાખો રે.
કરે પ્રસંશા પંડિત પુરૂષો નિરખી નાજુક નાર;
શ્યામ સલુણા સરવે સમજો પણ અમથો અહંકાર.
અલબેલા ઉતમ કુળ ઉપજ્યા આ કુલટા કમજાત;
કામણગારા કેમ બને છે વદો બરાબર વાત.

૫૯

ઉઠય ઉઠય અલી જાને તારે ઘેર.
ધુતારી ધુતવાને આવી રે;
તારા પ્રપંચની જાણી મેં તો પેર.

તને દેખી દાઝ આવે દગાખોર; ચોક મટકીની માગે છે તું મોહોર.
તારૂં પોગળ બધું થયું પ્રકાશ; હવે આવીશ નહિ મારે આવાશ.

૬૦

ઉઠય કોણ રાંડ તું મને કહેનાર; નફટ ફટફટ તનેરે
તારા હાડકા વેચી કરૂં બજાર—આ.

પૈસાવાળાને તમે બતાવો પ્યાર; ખાઈ ધનતન કર્યા છે ખુવાર.
તું તો ખાંટી નવા નવા કરે નિત; તારી ખોટી છે પીતળ જેવી પ્રીત.
અરે નથી મારે તારી ઓશીઆળ; કેમ ખોટું બોલે ખુટયો તારો કાળ.
તને જોતાં ઉપજે છે મને ઝાળ; જખમારનારી જુઠ્ઠું મુક્યું આળ.
ભુંડી રાંડ નિચ જાત ભરવાડ; ધુતારી ધમકાવે મને રે.
અહિંથી તારી મહીમટકી ઉપાડ;-ધુ.
બસ બસ રાંડ ઝાઝુ નહિં બોલ. આધી રહે તારૂં આવી બન્યું રે;
હાથે કરી તેં તો ખોયો તારો તોલ-આ.

૬૧

મહિં બહુ વેચાય અહિં નહિ અવાય અપમાન થાય મારો સદાય,
ક્યાંથી અપાય નીચ આધિન નગિના.
આમ ચતુર કરી પુર્ણ પ્યાર ડર નવ લગાર નિસ આવ દ્વાર;
લે મુક્તહાર વળી આપીશ દાગીના.

૬૨

આજ રંગમાં રસિલી પ્યારી રાત રહો; વિશ મ્હોર કાલને પ્રભાત લહો.-વી.
કટુક વચન કુલટા નહિ બોલે; આટલું સલુણી સુજાત સહો.-વીસ.

૬૩

નગિનારે નેહ નજર કરી આજ;
જોબન ભૂષણ છો મમ જીવન, તમને કર્યા શિરતાજ;-નગી.
ઝેર જેવો હતુઓ હવે લાગે, નવ ગમે તસ ઘરમાંજ;-નગી.
ચોરી જારિ ને વળી ચાડી, છે છાનિમાં મઝાજ;-નગી.
રે ગણિકાને હું નહિં ગાંઠું, મનથી કરે છે મિજાજ.-નગી.
હું રે ભલે ભરૂઆડણ સરજી પૂરવ પૂન્ય પ્રજ્યાંજ;-નગી.

૬૪

મલપતિ તલપતિ રતિમતિરે; રતિ આકૃતિ રતિ નથી વિસરતી.
સુખદાયક મમ લાયક લલના; જન્મી એ આહેર જાતિમાં જતીરે.-ર.
રૂમક ઝુમક કરતી હમણાં આવશે, રસિલી; મીઠડું મહીં વેચું ઉચરતીરે.-ર.
પ્રેમપોથી પઢી પુરી પદમણી પ્રણવિણ એ; ગણિકા ગમારમાં નથી ગતિરે-ર.

૬૫

પ્રિય તું ન રડ કંઈ કર ઉપાય જેથી વિકટ.
સંકટ ઝટ જાય મારી સજની;
એ છે નફટ નિડર નટખટ નથી નમતું.
કપટ કાંઇ ખોટી ખટપટ લટપટ નવ ખમાય;
મારૂં વિકટ સંકટ કયમ જાય મારી સજની-પ્રિય.

૬૬

હજુએ નવ આવતી અટકી.
કેમ કરૂં જશે કાગજુ ફટકી;
નથી હઠતી પટકી મટકી.—હજુ.
રદય નયન રજકણ સમ ખટકી;
છેલ જશે છટકી ત્રટકી—હજુ.

૬૭

અમૃત સરખું સુખકારીરે, લ્યો મનમોહન મહિં લાવિ;
મનમાં બળે વેરણ મારીરે, તુજ દધિ દુધ છે ગુણકારીરે.
આવો મહીઆરી મારી, જગ વહુ રહેશે જખમારીરે;
લીધી લક્ષ્મી મમ લુટીરે, મહીઆરણ વેરણ મારી.
થાકી હું માથું કુટીરે, બધી હાથ તમારે બાજીરે;
માગે છે મહી મહેતાજીરે, મીઠડા લ્યો ને મહી મીઠું રે.
કાગજડું થડું થાશે, આ તો નથી આર અજીઠું રે:

૬૮

શું કુટિલા તું હજી રહીરે કકળતી, એ અધિરા કયમ આપે ઉધારેરે;
સારી શાહુકારી તારી અહીંરે અસલથી.

૬૯

જા ઠગાઈ તારીરે જા ઠગારી તારીરે મહિં નથી લેવું રે;
મીઠું મીઠું બોલી ખાઇ ગઇ ફોલી કપટ આ કેવું રે—જા.
નિજવર ખોયું જગમાં ન જોયું મમ પિયું જેવું રે:—જા.

૭૦

સરસમહિ એ જમના અભિલાપ એ જમના અભિલાપ;
માખણથી પણ અધિક મિષ્ટ છે ધિક આ આગળ દ્રાખ—સ.
આની તુલ્યે કદી ન આવે સાકર આંબા સાખ;—સ.
તું ઇર્ષા અગ્નિમાં અમથી ખુબ બળી થા ખાખ-સ.

૭૧

મુજને ભીખ માગતી તેં જ કરી મુજને ભીખ માગતી;
કામ નથી ધરમાં તમ કેરૂં આ હું સત્ય વચન ઉચરી.—મુ.
નકટો થઇ કદી પગ નવ દેશો મમ ધરમાં ફટકેલ ફરી—મુ.
આજ થકી કરો અદીઠ તમારૂં, હું ખોટી આ રાંડ ખરી—મુ.

૭૨

પ્રાણુ જીવ... પુંઠે પધારો; અહીં છે એકાંત આવાસ અમારો.
તું જોબન મદમાતી મહીં તો; મેં તો દીઠી તુજ નિપુણતા ન્યારી.
હું ઉતમ કેમ આવું અધમ ઘર. જગતમાં આબરૂ જાય અમારી;
લાવરી લાસ જીવ ...ચો તમારી, હું ગણિકા થકી નથીરે નઠારી;
હું આ ...ઉપર હવે તે તન આવે. અ...પર આવો અરજ અવધારી.
જન ! ...ગીને જગતમાં શું કારણ; હું મધુકર તું તો માલતી મારી.

૭૩

...ા મુગટ મારા પરણ્યા ક... કુમારારે;
માટે આપે સગા વહાલાને વિસાર્યારે,
...છે માતપિતાજી તમ રાં ક્યાં છે સજ્જન કુટુંબરે.
...ર છે ક્યાં છે ક્યાં છે રે સંબંધ તમારો.
સાચું બોલો મમ મારારે;–માથા.
પવિત્ર પુન્યાન છે મ...િત્ર અમારેરે,
વેસ્યાની આબતે તજ્યાં વગર વિચારેરે.
આ નગરીમાં એ વસે છે વનિતા પિયર વસેલરે;
વનિતા વનિતા વનિતારે અનુપ આકૃતિ એની તારે અનુસારેરે.–માથા.

૭૪

પિતા માતા નામા માગુ ઘણે. લાજી પગે લાગું;
વનિતાપર લક્ષના દીધું અઘટતું કૃત્ય મેં કીધું.
મયા કર માત તું મારી અવજ્ઞા મેં કરી તારી;
રહ્યો નહીં કોઈના વાર્યો ઉદયો કુળમાં હું અંગારો
થયો ગણિકા તણો યારી રમ્યો દિન રાત હું જારી;
અરે સૌ લોકમાં લાગું હવે પસ્તાઈ છું ઝાઝું.

૭૫

કરૂણા કરૂણા કર તારી કોણ કળે;
ભવાનમાં અગણિત—કરૂણા.
વિશ્વપતિ, ગહનગતિ, વિમળમતિ, પરવશ પડયો પતિ;
લિલાવતિ, ગુણવતિ, નામ સતિ, થઇ છતિ.
જુગતિ, વિનતિ, કરી વશ કર્યો અતિ, પરમપતિ વ્રતપાળી;
શાન્તિ કિર્તિ દ્દઢ સદ્‌ગુણથી સર્વ સહજ, મળે—કરૂણા.